# શ્રી વિશ્વકર્મા મેવાડા સુથાર સમાજ (ગુજરાત)

**દાંતા - અંબાજી રોડ, અંબાજી.**

પ્રિય જ્ઞાતિ બંધુઓ.

" મારી ઓળખ, મારો મેવાડા સુથાર સમાજ,"

આપણો મેવાડા સુથાર સમાજ – આપણું ગૌરવ છે. આપણા હાથમાં કલા, હૃદયમાં શ્રદ્ધા છે, આપણે શ્રી વિશ્વકર્માના વંશજ, સર્જનશીલતા એ આપણો ધર્મ છે. આપણો સમાજ, એક શ્રમશીલ, કુશળ અને સાંસ્કૃતિક રીતે સમૃદ્ધ સમાજ છે, જેની પ્રામાણિકતા, પરંપરા અને કળા હંમેશા પ્રશંસનીય રહી છે. ગુજરાતમાં વસતા મેવાડા સુથાર સમાજના સર્વે જ્ઞાતિ બંધુઓનુ સંગઠન વધુ મજબૂત બનાવવા માટે, શ્રી વિશ્વકર્મા મેવાડા સુથાર સમાજ (ગુજરાત ) અંબાજી, સંસ્થાના અવિરત પ્રયત્નો ચાલુ છે.

સામાજિક એકતા અને સંગઠન માટે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન અત્યંત અગત્યનું, ગહન અને વ્યાપક છે. સાંસ્કૃતિક કાર્યક્રમ આયોજિત કરવાથી આપણા સમાજના સભ્યોમાં ગૌરવ, એકતા અને સહયોગની ભાવના પેદા થશે, ઉપરાંત, આવા કાર્યક્રમો દ્વારા મેવાડા સમાજના વિવિધ ગોળ વચ્ચે આદર, સહકાર અને સ્નેહનો પુલ બંધાશે. આવા સાંસ્કૃતિક કાર્યક્રમનો મુખ્ય હેતુ મેવાડા સમાજની યુવા પેઢીને આકર્ષવાનો છે. યુવા પેઢી પોતાના મૂળ અને પરંપરાઓ સાથે જોડાઈ રહે અને તેઓમાં સામાજિક ભાવના જાગૃત થાય, સાથે સાથે સામાજિક જવાબદારીની ભાવના વિકસે તેવા ઉમદા હેતુ સાથે, એકતાના પ્રતીક રૂપે, શ્રી વિશ્વકર્મા પ્રભુના આદેશથી અને તેમની સાક્ષીએ, સમગ્ર ગુજરાત નો મેવાડા સુથાર સમાજ ઉજવે છે.

**પ્રથમ સાંસ્કૃતિક મહોત્સવ – ૨૦૨૫**

**સમય : તારીખ ૨૮ ડિસેમ્બર ૨૦૨૫, સવારે ૧૦.૦૦ કલાક થી રાત્રે ૮.૦૦ કલાક**

**સ્થળ: પાટીદાર હોલ, ભાડજ ગામ ભાડજ/સાયન્સ સીટી સર્કલથી 800 મીટર દૂર ભાડજ ગામ તરફ , અમદાવાદ**

આપણે સૌ જાણીએ છીએ કે સાંસ્કૃતિક કાર્યક્રમો માત્ર મનોરંજન પૂરતા નથી, તેઓ સમાજના તાણાવાણાને મજબૂત બનાવે છે. સાંસ્કૃતિક કાર્યક્રમો એ સામાજિક એકતાનું શક્તિશાળી સાધન છે. તેઓ માત્ર પરંપરાનું જ સંવર્ધન કરતા નથી, પરંતુ ભવિષ્ય માટે એક મજબૂત, એકતાસભર અને સહિષ્ણુ સમાજની રચના માટે પાયાનું કામ કરે છે. યુવા પેઢી ને પોતાનામાં છુપાયેલી ટેલેન્ટ ને લોકો સમક્ષ રજુ એક અમૂલ્ય અવસર આપી તેમને પ્રોત્સાહિત કરે છે. તેથી આવા કાર્યક્રમોને પ્રોત્સાહન આપવું અને તેમાં યથાશક્તિ સહભાગી થવું એ ગુજરાતના દરેક મેવાડા સુથાર સમાજના જ્ઞાતિ બંધુની નૈતિક ફરજ અને જવાબદારી છે.

ગુજરાત ના સમગ્ર મેવાડા સમાજ ની એકતા અને હીત માટે સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રત્યક્ષ હાજર રહેવા, સ્પર્ધાઓમાં ભાગ લેવા, સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા, સ્પર્ધાઓના આયોજન ખર્ચ માટે આર્થિક સહયોગ આપવા અને સંપૂર્ણ સહકાર આપી, સમગ્ર આયોજનને સફળ બનાવવા સર્વે જ્ઞાતિજનોને વિનંતી છે.

શ્રી વિશ્વકર્મા મેવાડા સુથાર સમાજ (ગુજરાત ), વતી પ્રમુખ/મંત્રી /ટ્રસ્ટીઓ/ કારોબારી-સલાકાર સમિતિ.

**શ્રી વિશ્વકર્મા મેવાડા સુથાર સમાજ (ગુજરાત),**

**પ્રથમ સાંસ્કૃતિક મહોત્સવ- 2025**

**સ્પર્ધાની વિગતો**

**આપણા સમાજની બહેનો દ્વારા તૈયાર કરવામાં આવેલા અવનવી ડીઝાઈનના ડ્રેસ, પર્સ , તથા અન્ય ઉપયોગી વસ્તુઓનું પ્રદર્શન-કમ-સેલ સ્ટોલો નું પણ આયોજન કરેલ છે..**

# A--નૃત્યકલા

**સામાન્ય નિયમો:**

**i) સ્ટેજ માઈક ગોઠવવામાં સંગીતકારોને બેસવામાં અને વાજિંત્રોના સુર મેળવવા માટે વધારાની 3 મિનિટ આપવામાં આવશે.**

**ii) આખરી નિર્ણય, તાલ, ટેકનીક, લય, અભિનય કે અભિવ્યક્તિ વેશભૂષા, ફૂટવર્ક, એકંદરે છાપ, વગેરે ગુણવત્તા પર આધારિત રહેશે.**

**iii) નૃત્યનું વર્ણન, એમાં જો વાર્તા હોય તો અને સાથેનું ગીત જો કોઈ હોય તો એનો અર્થ સાથેની સંક્ષિપ્તમાં નોંધની ત્રણ નકલો નોંધણી સમયે રજુ કરવાની રહેશે.**

**iv) નૃત્યનું ગીત પેન ડ્રાઇવમાં રેકોર્ડ કરીને લાવવાનું રહેશે.**

| સ્પર્ધા ક્રમાંક | સ્પર્ધાનુ નામ | વયમર્યાદા | સમય મિનિટ | સ્પર્ધક (વધુમાં વધુ) | સહ સ્પર્ધક (વધુમાં વધુ) |
|---|---|---|---|---|---|
| 1 | ભરતનાટ્યમ | વધુ માં વધુ 50 વર્ષ | 15 | 1 | 4 |
| 2. | કથક | વધુ માં વધુ 50 વર્ષ | 15 | 1 | 4 |
| 3. | સેમીક્લાસીકલ | વધુ માં વધુ 50 વર્ષ | 15 | 1 | 4 |
| 4 | રાસ | વધુ માં વધુ 50 વર્ષ | 8 | 12 | 4 |
| 5 | ઘૂમર | વધુ માં વધુ 50 વર્ષ | 8 | 12 | 4 |
| 6 | ભાંગડા | વધુ માં વધુ 50 વર્ષ | 8 | 12 | 4 |
| 7 | બિહુ | વધુ માં વધુ 50 વર્ષ | 8 | 12 | 4 |
| 8 | લાવણી | વધુ માં વધુ 50 વર્ષ | 8 | 12 | 4 |
| 9 | અન્ય લોકનૃત્ય | વધુ માં વધુ 50 વર્ષ | 8 | 12 | 4 |
| 10 | ભારતીય વેસ્ટર્ન ડાન્સ | વધુ માં વધુ 50 વર્ષ | 8 | 1 | 4 |

# B--લોક સાહિત્ય અને સંગીત સ્પર્ધા

**સામાન્ય નિયમો:**

**1) લોકગીત, લગ્નગીત, ભજન, ગીતની કૃતિ અને શબ્દો સમાજની દૃષ્ટિએ પોષક હોવા જોઇએ.**

2) લોકગીત સાથે ઓરકેસ્ટા ઉપયોગ કરી શકાશે. ઓરકેસ્ટા ની સગવડ સંસ્થા તરફ થી કરવામાં આવશે

3) લોકગીત/ લગ્નગીત/ ભજન વ્યક્તિગત રીતે રજૂ કરવાનું રહેશે.

4) સ્પર્ધક ગીત જીલવા માટે વધુમાં વધુ ચાર સહાયકો લાવી શકશે.

5) લોકગીત/ લગ્નગીત/ ભજન કંઠસ્થ હોય તે ઇચ્છનીય છે, પરંતુ ફરજીયાત નથી

6) જેટલા જૂના લોકગીત/ લગ્નગીત/ ભજન સ્પર્ધક રજૂ કરશે તે ઉપરથી તેનું મૂલ્યાંકન થશે. તેમાં પણ અપ્રચલિત લોકગીત/ લગ્નગીત/ ભજન રજૂઆત આવકાર દાયક રહેશે. ફિલ્મોમાં આવતા કે ગ્રામોફોન રેકોર્ડમાં આવતાં ગીતો સિવાયના ગીતો મૂલ્યાંકન માટે નિર્ણાયક બની રહેશે.

7) સંગીત ની હરીફાઈ માટે ઓરકેસ્ટા સાથે તાલમેલ માટે ગીતના શબ્દો અગાઉથી જણાવવા જરૂરી છે.

| | સ્પર્ધાનુ નામ | વયમર્યાદા | સમય-મિનિટ | સ્પર્ધક | સહ સ્પર્ધક |
|---|---|---|---|---|---|
| 11 | લોક્ગીત | દરેક વય જુથ્થ માટે | 6 | 1 | 3 |
| 12 | લગ્નગીત | દરેક વય જુથ્થ માટે | 7 | 1 | 4 |
| 13 | ભજન | દરેક વય જુથ્થ માટે | 6 | 1 | 3 |
| 14 | સુગમ સંગીત | દરેક વય જુથ્થ માટે | 5 | 1 | 3 |
| 15 | ગરબી-ગરબો | દરેક વય જુથ્થ માટે | 5 | 1 | 3 |
| 16 | ગઝલ | દરેક વય જુથ્થ માટે | 5 | 1 | 3 |
| 17 | ભારતીય સમુહ ગીત | દરેક વય જુથ્થ માટે | 6 | 4 | 3 |
| 18 | વેસ્ટર્ન સમુહ્ગીત | દરેક વય જુથ્થ માટે | 6 | 4 | 3 |

## C-- રંગભૂમિ સ્પર્ધા

સામાન્ય નિયમો:

1) સામાન્ય વસ્તુઓ જેવું કે હલકું ફર્નિચર વગેરે સગવડ કરવામાં આવશે. સ્ટેજ સેટિંગ માટે વધારાની 10 મિનિટ આપવામાં આવશે.

2) ભાગ લેનાર ટીમે નાટકની શરૂઆત પહેલા ઓછામાં ઓછા 2 કલાક પહેલાં સ્પર્ધાના ઈન્ચાર્જ ને રિપોર્ટ કરવાનો રહેશે.

3) વિષય અભિનય, સ્ટેજ કલા, એકંદરે છાપ, જેવા નાટકના ગુણો પર નિર્ણય આધારિત રહેશે.

4) એકપાત્રીય અભિનય માટે વેશભૂષાનો ઉપયોગ કરી શકાશે. પરંતુ તે માટેની જરૂરી સાધન સામગ્રી પોતે સાથે લાવવાની રહેશે.

5) કોઈ પણ એક જ પાત્રના મનોભાવોને અભિવ્યક્ત કરવાના રહેશે. બહુપાત્રીય અભિનય આપોઆપ રદ થશે.

6) અભીનયની વિષય વસ્તુ અગાઉથી જણાવવાની રહેશે જે સમાજની દૃષ્ટિએ પોષક હોવા જોઇએ.

| સ્પર્ધા ક્રમાંક | સ્પર્ધાનુ નામ | વયમર્યાદા | સમય મિનિટ | સ્પર્ધક | સહ સ્પર્ધક |
|---|---|---|---|---|---|

| | | | | | |
|---|---|---|---|---|---|
| 19 | નાટક (એકાંકી) | દરેક વય જુથ્થ માટે | 25-30 | 9 | 3 |
| 20 | કોમેડી રોલ (સ્કીટ્સ) | દરેક વય જુથ્થ માટે | 8-10 | 1 | 1 |
| 21 | અમૌખિક અભિનય (માઇમ) | દરેક વય જુથ્થ માટે | 4-5 | 1 | 1 |
| 22 | એકપાત્રીય અભિનય (મીમીક્રી) | દરેક વય જુથ્થ માટે | 4-5 | 1 | 1 |

## D-- સાક્ષરતા ક્ષમતા સ્પર્ધા

સામાન્ય નિયમો:

1) સામાન્ય જ્ઞાન તથા વર્તમાન બાબતો ઉપર 20 પ્રશ્નની એક ઓનલાઇન ક્વિઝ રમાડવામાં આવશે.

2) સ્પર્ધકે નેટવર્ક કનેક્શન સાથેનો સ્માર્ટ ફોન લાવવાનો રહેશે.

3) શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા ગુજરાતી ભાષામાં રહેશે.

4) સ્પર્ધાનો વિષય ચિઠ્ઠી ઉપાડીને નક્કી કરવામાં આવશે.

| સ્પર્ધા ક્રમાંક | સ્પર્ધાનુ નામ | વયમર્યાદા | સમય મિનિટ | સ્પર્ધક | સહ સ્પર્ધક |
|---|---|---|---|---|---|
| 23 | ક્વીઝ | દરેક વય જુથ્થ માટે | **20** | **1** | - |
| 24 | શીઘ્ર વક્તૃત્વ (ઇલોક્યુશન) | દરેક વય જુથ્થ માટે | **5-7** | **1** | - |

## E- કલા કૌશલ્ય સ્પર્ધા

સામાન્ય નિયમો:

કાષ્ટ કલા:

1) લાકડામાંથી કારીગરી કરીને નમુનો બનાવવાનો રહેશે.

2) આ નમુનો બજારમાં વેચી શકાય અથવા તેની મૂલ્ય ઉપજે તેવો હોવો જોઈએ.

3) સ્પર્ધકોને જરૂરી અલાયદી જગ્યા આપવામાં આવશે અને સ્થળ ઉપર નમૂનાને બનાવવાનો રહેશે.

4) જરૂરી સાધન/સામગ્રી સ્પર્ધકે લાવવાની રહેશે.

5) રંગોળીઃ નિશ્ચિત કરેલ સ્થાન પર 3' X3' ની જગ્યા પર ટેન્સિલ નો ઉપયોગ કાર્ય વિના જાતે રંગોળી કરવી. કલર/ફૂલ અન્ય જરૂરી સામગ્રી સાથે લાવવી.

6) ઓન ધ સ્પોટ પેઇંન્ટીગ, પોસ્ટર મેકિંગ, લોગો મેકિંગ, માટે જે ડ્રોઈંગ પેપર આપવામાં આવશે, ફક્ત તેનો જ ઉપયોગ કરવાનો રહેશે. અન્ય જરૂરી સામગ્રી સ્પર્ધકે લાવવાની રહેશે.

7) મહેંદી ક્યા પ્રકારની કરવા માંગો છે તે અગાઉથી રજિસ્ટ્રેશન સમયે જાણ કરવી. મહેંદી કોન કે અન્ય જરૂરી સામગ્રી તથા મહેંદી મુકાવા માટે સહાયક સાથે લાવવા

| સ્પર્ધા ક્રમાંક | સ્પર્ધાનુ નામ | વયમર્યાદા | સમય મિનિટ | સ્પર્ધક | સહાયક |
|---|---|---|---|---|---|
| 25 | ઓન ધ સ્પોટ પેઇંન્ટીગ | દરેક વય જુથ્થ માટે | **120** | **1** | - |
| 26 | પોસ્ટર મેકિંગ | દરેક વય જુથ્થ માટે | **120** | **1** | - |
| 27 | રંગોળી | દરેક વય જુથ્થ માટે | **150** | **1** | **1** |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 28 | મેહેંદી<br>જરદોસી/ ઈન્ડો વેસ્ટર્ન /એરેબિક | દરેક વય જુથ્થ માટે | 45 | 1 | 1 |
| 29 | કાષ્ટ કલા | દરેક વય જુથ્થ માટે | 180 | 1 | - |
| 30 | લોગો મેકિંગ | દરેક વય જુથ્થ માટે | 120 | 1 | - |

## F--- ફેશન શો /વેશભૂષા

સામાન્ય નિયમો:

i) ફેશન શોમાં કોઇ એક થીમ પર સ્પર્ધામાં જોડાવું, તમે કઇ થીમમાં ભાગ લેવા માંગો છો, તે થીમનું નામ સ્પર્ધકે રજીસ્ટ્રેશન સમયે જણાવવું. ભારતીય પહેરવેશ રાખવો

ii) જરૂરી સાધન સામગ્રીની વ્યવસ્થા સ્પર્ધકે પોતે કરવાની રહેશે.

iii) વેશભૂષામાં કયા પાત્રની વેશભૂષા કરવા માંગો છો તે રજીસ્ટ્રેશન સમયે જણાવવું.

iv) વેશભૂષાની સાધન સામગ્રી સ્પર્ધકે પોતે કરવાની રહેશે

| સ્પર્ધા ક્રમાંક | સ્પર્ધાનુ નામ | વયમર્યાદા | સમય મિનિટ | સ્પર્ધક | સહ સ્પર્ધક |
|---|---|---|---|---|---|
| 31. | ફેશન શો-રેમ્પ વૉક<br>ભારતીય પહેરવેશ | દરેક વય જુથ્થ માટે | 5 | 1 | - |
| 32 | વેશભૂષા | દરેક વય જુથ્થ માટે | 3 | 1 | - |

### G-- ગીત સંગીત અને વાદ્ય

સામાન્ય નિયમો:

1) સ્પર્ધક હિંદી કે ગુજરાતી ફ઼િલ્મ ના ગીતો ગાઈ શકશે.

2) સ્પર્ધકે કયું ગીત ગાવાનું છે તે અગાઉથી જાણ કરવી પડશે.

3) ઓરકેસ્ટા ઉપયોગ કરી શકાશે. ઓરકેસ્ટા ની સગવડ સંસ્થા તરફ થી કરવામાં આવશે

4) હળવા સંગીત સ્વરૂપે આઇટમ રજૂ કરવાની રહેશે.

5) તાલ, ટેકનીક, સંગીત, રજૂઆતનો સમય સામાન્ય છાપ વગેરે પર નિર્ણય આધારિત રહેશે.

| સ્પર્ધા ક્રમાંક | સ્પર્ધાનુ નામ | વયમર્યાદા | સમય મિનિટ | સ્પર્ધક | સહ સ્પર્ધક |
|---|---|---|---|---|---|
| **33** | **Karaoke** ઉપર ફિલ્મી ગીતો | દરેક વય જુથ્થ માટે | **4** | **1** | - |
| **34** | તબલા | દરેક વય જુથ્થ માટે | **5-7** | **1** | - |
| **35** | ફ્લ્યુટ | દરેક વય જુથ્થ માટે | **5-7** | **1** | - |
| **36** | હારમોનિયમ કે કીબોર્ડ | દરેક વય જુથ્થ માટે | **5-7** | **1** | - |
| **37** | માઉથ ઓર્ગન | દરેક વય જુથ્થ માટે | **5-7** | **1** | - |
| **38** | ફ્લ્યુટ- તબલા જુગલ જોડી | દરેક વય જુથ્થ માટે | **10** | **2** | - |

## શ્રી વિશ્વકર્મા મેવાડા સુથાર સમાજ (ગુજરાત), અંબાજી

## પ્રથમ સાંસ્કૃતિક મહોત્સવ- 2025

## અરજીપત્રક (સ્પર્ધાઓ તથા પ્રદર્શન કમ વેચાણ કાઉન્ટર માટે)

(પાછું મોકલવાની છેલ્લી તારીખ- 20/12/2025)

(ફક્ત મેવાડા સુથાર સમાજ ના ભાઈઓ /બહેનો ભાગ લઈ શકશે)

1 સ્પર્ધકનુ પૂરૂં નામ:-

2 જાતિ: સ્ત્રી/પુરુષ

3 જન્મ તારીખ /ઉંમર:-

4 ગોળ

વતનનું ગામ:

તાલુકો / જીલ્લો:

હાલનું સરનામું:-

5 અભ્યાસ:

6 આધાર કાર્ડ નબર :-

7 મોબાઇલ નબર;-

8 ઇ- મેઇલ આઇ.ડી:

| | | |
|---|---|---|
| 9 | તમારા વય જુથ્થ પર ખરા ની નીશાની કરો ✓ | (31/12/2025 ના રોજ ઉંમર)<br>1) 6 વર્ષ થી ઉપર અને 15 વર્ષ સુધી<br>2) 15 વર્ષ થી ઉપર અને 25 વર્ષ સુધી<br>3) 25 વર્ષ થી ઉપર અને 60 વર્ષ સુધી<br>4) 60 વર્ષ થી ઉપર |
| 10 | વ્યક્તિગત સ્પર્ધાનું નામ/નંબર:<br>સમુહ સ્પર્ધાનું નામ/ નંબર: | |
| 11 | પ્રદર્શન- કમ- વેચાણ કાઉન્ટર કરવું હોય તો કઈ કઈ વસ્તુનું પ્રદર્શન કરવું તે લખવું | -- |

નોંધ: -પ્રદર્શન કમ વેચાણ કાઉન્ટર માટે- 1 થી 7 અને 11 નમ્બર ના કોલમ માં વિગતો આપવી.

## સ્પર્ધાના સામાન્ય નિયમો

- સ્પર્ધા દરમિયાન કોઈ પણ સ્પર્ધકને આકસ્મિક ઇજા થશે તો તે માટે આયોજક સંસ્થા જવાબદાર રહેશે નહિ.
- રૂબરૂ રજીસ્ટ્રેશન સમયે આધાર કાર્ડ ની કોપી અને ફોટો સાથે રાખવો .
- એક કરતાં વધારે સ્પર્ધામાં ભાગ લઇ શકાશે પરંતુ પસંદ કરેલી બે કે વધુ સ્પર્ધા એક જ સમયે થતી હશે તો, સ્પર્ધકે પસંદગી કરવાની રહેશે.
- આ અરજીપત્રક સાથે દરેક કલાકારો તેમજ સહાયકોના અધારકાર્ડ/ઓળખ કાર્ડ ની કોપી જોડવાની રહેશે.
- સમૂહ (ગ્રુપ) સ્પર્ધામાં વધુમાં વધુ 12 કલાકાર ભાગ લઇ શકશે. ગ્રુપના મુખ્ય કલાકાર દરેક નિયમોના પાલન માટે જવાબદાર રહેશે .
- મુખ્ય કલાકારે સહાયક કલાકારોના નામ ઉંમર, ગોળ, મોબાઈલ નંબરની વિગત અલગ પેપર પર લખી પોતાના ફોર્મ સાથે જોડવી. અધૂરી વિગત સાથેની એન્ટ્રી માન્ય ગણવામાં આવશે નહીં. સહાયક કલાકાર મેવાડા હોય તે ઇચ્છનીય છે. ખાસ સંજોગોમાં અન્ય જ્ઞાતિને માન્ય રખાશે.
- જજ શ્રીનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. સ્પર્ધકે કે તેના વાલીએ જજ ના નિર્ણય સામે દલીલ કરવી નહિ.

- સામાન્ય નિયમો ઉપરાંત જજ શ્રી કે નિરીક્ષક જે સૂચના આપે તેનો સંપૂર્ણ અમલ સ્પર્ધકે કરવાનો રહેશે.
- ક્વિઝ ની સ્પર્ધા સિવાય અન્ય સ્પર્ધઓમાં મોબાઇલ ફોન, સ્માર્ટ વૉચ, અન્ય ઇલેક્ટ્રોનિક ગેજેટ્સ સ્પર્ધા સમયે સાથે રાખવા નહીં.
- જે તે સ્પર્ધા માટેના નિયમો દરેક સ્પર્ધકે સ્પર્ધાની પસંદગી કરતાં પહેલા વાંચી લેવા.

કબૂલાતનામું: સ્પર્ધાના સર્વે નિયમો મેં વાંચ્યા છે અને મને મંજુર છે, અને તેનું પાલન કરીશ તેવી હું બાહેધરી આપું છું. હું એ પણ જાણું છું કે નિયમો અને શરતોનો ભંગ કરનાર સ્પર્ધકને સ્પર્ધામાંથી (અમાન્ય) ડીસ્ક્વોલીફાઇ કરવામાં આવશે.

વાલીની સહી⟶ સ્પર્ધકની સહી-⟶

તારીખ: સ્થળ:

# પ્રથમ સાંસ્કૃતિક મહોત્સવ -2025 - જરૂરી માહિતી

1) પ્રારંભ: તા. ૨૮/૧૨/૨૦૨૫, સવારે ૧૦.૦૦ કલાકે

2) સ્પર્ધા અંગેનું ફોર્મ પાલનપુર મેવાડા સ્કૂલ તથા અમદાવાદ મેવાડા છાત્રાલયમાં થી મળી શકશે. તથા વેબ સાઈટ પર થી ડાઉન લોડ પણ કરી શકાશે. સંપૂર્ણ રીતે ભરેલું ફોર્મ તારીખ 20/12/2025 સુધીમાં ઉપરોક્ત સ્થળે અથવા નીચે આપેલા મોબાઈલ નંબર પર વૉટ્સઅપ કરવો, ત્યારબાદ કોલ કરી કન્ફર્મ પણ કરી લેવું. અથવા નીચે જણાવેલ એડ્રેસ પર ઇ-મેઇલ કરવો.

3) **WEB-SITE- https://www.mevadasutharambaji.com**

4) **EMAIL-ambaji.mevada.sms@gmail.com**

| **Name** | **Mobile No.** |
|---|---|
| **i) Ganpatbhai P Mistri** | **9825400343** |
| **ii) Jashvantbahi P Suthar** | **9909265977.** |
| **iii) Kaushikkumar B Mewada** | **7046103269** |
| **iv) Vijaybhai Maganlal Suthar** | **9374651015** |
| **v) Atulbhai Gordhandas Suthar** | **9825800326** |
| **vi) Shirishkumar J Mistry** | **94267 04114** |
| **vii) Ashokkumar Sankalchand Suthar** | **94266 37788** |
| **viii) Dr. Jignesh R Suthar** | **9426512279** |

5) સ્પર્ધકે જેટલી સ્પર્ધામાં ભાગ લેવો હોય તે દરેક વ્યક્તિગત સ્પર્ધા દીઠ રૂપિયા **100** અને ગ્રુપ સ્પર્ધા જેવીકે એકાંકી, ગરબા, વગેરે માટે સ્પર્ધા દીઠ રૂપિયા **500/-** નીચેના **QR** કોડ થી જમા કરાવી **UPI reference** નંબર સાથે ફોર્મ સાથે એટેચ કરવો. અને ઉપરના નંબર પર **whatsapp** કરવો ફરજીયાત છે.

6) દરેક સ્પર્ધકે **28/12/2025** ના રોજ સવારે ૯.૧૫ વાગ્યા સુધીમાં ભાડજ પાટીદાર હોલ, ભાડજ,અમદાવાદ પર હાજર થઇ જવું અને રજીસ્ટ્રેશન કરાવી લેવું. આપની સ્પર્ધા નો

સમય અને સ્થળ, સ્પર્ધાના સંચાલકનો મોબાઈલ નંબર અને નામ પૂછપરછ કાઉન્ટર પર થી જાણી લઇ સ્પર્ધાના સંચાલક ને મળી લેવું.

7) કોઈ પણ આયોજન માં ફેરફાર કરવાના હક્ક આયોજકોને રહેશે

8) ઇનામ વિતરણ, મોમેન્ટો કે સર્ટિફિકેટ **28/12/2025** ના રોજ પ્રોગ્રામ ની સમાપ્તિ પછી આપવામાં આવશે.

9) સમાજ ના ભાઈઓ અને બહેનો દ્વારા બનાવવામાં આવેલ ઉપયોગી વસ્તુઓ જેવી કે પર્સ, થેલા, જ્વેલરી, ડ્રેસ, ડિઝાઈનર સાડી, વુડન આર્ટિકલ વગેરે નું પ્રદર્શન- કમ- વેચાણ કાઉન્ટર માટે પણ ઉપરોક્ત મોબાઈલ નંબર પર કોન્ટેક્ટ કરવો. નમૂના મુજબ નું અરજીપત્રક ભરવું અને રૂપિયા **500 QR** કોડ મારફતે મોકલી આપી ઉપર જણાવેલ નંબર પર **Transaction ID/ UPI ID** સાથેનો સ્ક્રીન શોટ વોટ્સએપ કરવો

